સુરત જિલ્લાના માંગરોળમાં સામૂહિક દુષ્કર્મના આરોપીઓ જેલ ભેગા કરાયા

પોલીસ રિમાન્ડ પૂર્ણ થયા, સ્પેશિયલ પબ્લીક પ્રોસીક્યુટર તરીકે મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલા દલીલો કરશે

સુરત, તા.૧૮

સુરતના માગરોળ મોટા બોરસરાગામમાં કિશોરી સાથે બનેલી સામુહિક દુષ્કર્મની ઘટનામાં ટ્રાયલ ચલાવવા સ્પેશ્યલ પબ્લીક પ્રોસીક્યુટર તરીકે સુરત શહેરના મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલાની નિમણૂંક કરવામાં આવી છે. ગઈ કાલે આ ગુનાના બંને નરાધમોના રિમાન્ડ પૂર્ણ થતા કોર્ટે જેલમા મોકલી આપ્યા હતા.

ગત.તા.૮ ઓક્ટોબરે માંગરોળના મોટા બોરસરાગામમમાં એક કિશોરી સાથે ત્રણ નરાધમોએ સામુહિક બળાત્કાર ગુજાર્યો હતો. જેમાં હવસખોર શિવશંકર ઉર્ફે દયાશંકર ચોરસિયાનુ નવી સિવિલ હોસ્પિ.માં મોત નિપજ્યું હતું. જ્યારે પોલીસ કસ્ટડીમાં રહેતા બીજા બે નરાધમો મુન્ના ઉર્ફે ખલબલી પાશ્વાન અને રામસજીવન ઉર્ફે રાજુ વિશ્વકર્માના ગઈ કાલે રિમાન્ડ પૂર્ણ થતા સુરત ગ્રામ્ય પોલીસે તેમને કોર્ટમાં રજૂ કર્યા હતા. કોર્ટે બંને નરાધમોને જેલમાં મોકલી આપ્યા હતા. દરમિયાન આ સામુહિક દુષ્કર્મની ઘટનાને પ્રાથમિકતા આપી સ્પીડી ટ્રાયલ ચલાવવા પણ ગુજરાત હાઈકોર્ટના જનરલ રજિસ્ટ્રાર તરફથી નિર્દેશ આપવામાં આવ્યો છે. જેથી આ કેસમાં સ્પીડી ટ્રાયલ ચલાવવામાં આવશે. આ કેસમાં સ્પેશ્યલ પીપી તરીકે દલીલો કરતા ડીજીપી નયન સુખડવાલા નજરે પડશે.

સ્વામિનારાયણના સંતો અને આચાર્ય મહાશ્રમજી વચ્ચે સંતમિલન થયું: આચાર્ય મહાપ્રજ્ઞજીને યાદ કર્યા

ધર્મ અને આધ્યાત્મિકતાની સાધના કરતી વખતે જનજાગૃતિ અને જનકલ્યાણના કાર્યોના વધુને વધુ પ્રયાસ કરવા મહાશ્રમણજીનો અનુરોધ

સુરત, તા.૧૮

સ્વામીનારાયણ સંપ્રદાયના સારંગપુર સ્થિત સંત તાલીમ કેન્દ્રના મુખ્ય વરિષ્ઠ સંત નારાયણમુનિ સ્વામી, BAPS સ્વામિનારાયણ મંદિર-સુરતના ઉત્તમ પ્રકાશ સ્વામીજી સહિત અનેક સંતો શુક્રવારે સવારે યુગપ્રધાન આચાર્ય મહાશ્રમણજીના સાનિધ્યમાં ઉપસ્થિત રહ્યા હતા.

આચાર્યશ્રી મહાશ્રમણજીએ પ્રવચન આપતાં જણાવ્યું હતું કે આચારો આગમમાં કહેવામાં આવ્યું છે કે શબ્દ, રૂપ, રસ , ગંધ અને સ્પર્શ પ્રાપ્ત કરવા માટેની આપણી પાંચ ઈન્દ્રિયો કાન, આંખ, જીભ, નાક અને ત્વચા છે. શબ્દો કાન દ્વારા શ્રવણ થાય છે. આંખો દ્વારા સ્વરૂપ દેખાય છે, નાક દ્વારા ગંધ લેવામાં આવે છે. જીભ વડે સ્વાદ લેવાય છે અને ત્વચાથી સ્પર્શ અનુભવાય છે . આ પાંચ ઈન્દ્રિયો દ્વારા આ પાંચ પ્રવૃત્તિઓ થતી હોય છે.

માણસ આ પાંચ ઈન્દ્રિયો દ્વારા વિષયોને સમજીને જ્ઞાન પ્રાપ્ત કરે છે. જ્યાં સુધી જ્ઞાનનો ધ્યેય છે, ત્યાં સુધી બરાબર છે, પણ જ્યાં ઈન્દ્રિયોના પદાર્થોની અનુભૂતિમાં આસક્તિ અને દ્વેષ હોય છે, ત્યાં વિકૃતિ આવે છે. જેમ કોઈ માણસ કોઈને જોઈને ગુસ્સે થઈ જાય અથવા કઈક સાંભળીને ગુસ્સે થઈ જાય છે. આ પ્રકારની વિકૃતિ થાય છે, ત્યાં પરિસ્થિતિ સારી રીતે ચાલતી નથી, માણસે વિકૃતિમાં નહીં પણ પોતાની પ્રકૃતિમાં રહેવાનો પ્રયાસ કરવો જોઈએ. સાંભળવાની અને જોવાની વૃત્તિ છે, પણ આસક્તિ અને દ્વેષ એ માનવીય વિકૃતિ છે.

તાપીના સોનગઢની વતની અને અમદાવાદમાં ડેન્ટલ કોલેજમાં ભણતી શ્રેયા શેઠનું માર્ગ અકસ્માતમાં મોત

અમદાવાદ, તા.૧૮

મેમનગરમાં પીજીમાં રહેતી ડેન્ટલ કોલેજમાં અભ્યાસ કરતી 23 વર્ષીય વિદ્યાર્થિની રાત્રીના સમયે બહેનપણી સાથે એક્ટિવા લઈને પીજીમાં જઈ રહી હતી. પેલેડિયમ મોલથી સર્વિસ રોડ પર એક્ટિવાને બ્રેક મારતા વિદ્યાર્થિની રસ્તા પર પટકાઇ હતી. આ દરમ્યાન સામેથી આવતી કાર વિદ્યાર્થિની પર ફળી વળી હોવાથી ગંભીર ઈજાઓના કારણે તેનું મોત નિપજ્યું હતુ. આ અંગે ટ્રાફિક પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.



મિત્ર સાથે એક્ટીવા પર પરત ફરતી હતી, એકિટવા પરથી પટકાતા પાછળ આવતી કારે કચડી નાખતા મોત

મૂળ તાપીના સોનગઢ ગામમાં રહેતી 23 શ્રેયા શેઠ હાલ મેમનગર ખાતે આવેલા મારૂતી રો હાઉસના પીજીમાં રહેતા રહેતી હતી. અમદાવાદ ડેન્ડલ કોલેજ ખાતે બી.ડી.એસ નો અભ્યાસ કરે છે. ગત 10 ઓક્ટોમ્બરે શ્રેયા તેની બહેનપણી હેતલ સાથે એક્ટિવા લઈને ગાંધીનગર ખાતે રહેતી બીજી બહેનપણીને મળવા ગયા હતા. જ્યાંથી રાત્રીના સમયે તેઓ પરત પીજીમાં આવી રહ્યા હતા. સોલા ઓવરબ્રીજ પસાર કરી હેબતપુર ચાર રસ્તા ક્રોસ કરી પેલેડીયમ મોલથી સર્વિસ રોડ પરથી પસાર થતા હતા તે સમયે એક્ટીવાને બ્રેક મારતા અચાનક સ્લીપ થઈ હતી. જેથી એક્ટિવાની પાછળ બેઠેલી શ્રેયા રસ્તા પર પટકાઈ પડી હતી. આ દરમિયાન સામેથી આવી રહેલી કારનું ટાયર શ્રેયા પર ફળી વળ્યું હોવાથી તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલ દાખલ કરાઈ હતી. જ્યાં સારવાર દરમ્યાન મોત થયું હતું.

તહેવારોના દિવસોમાં તકસાધુ ભેળસેળિયાને રોકવા રાજ્યના આરોગ્ય વિભાગે ૧૧૫ જેટલા દરોડા પાડ્યા

અમદાવાદ, તા.૧૮

આગામી તહેવારોને ધ્યાને રાખીને ભેળસેળિયા વેપારીઓ ઉપર ગુજરાત રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ટીમ ત્રાટકી હતી. તા.3થી 17 ઓકટોબર દરમિયાન યોજાયેલા ફૂડ સેફ્ટી પખવાડિયામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા કુલ ૧૧૫ જેટલી રેડ કરી આશરે રૂ. ૬.૩ કરોડની કિમતનો ૨૨૬ ટન જેટલો શંકાસ્પદ ખાદ્ય પદાર્થ પકડી ભેળસેળિયા વેપારીઓને ઉગતા જ ડામી દેવામાં આવ્યા છે.

આ સંદર્ભે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે જાહેર જનતાના સ્વાસ્થ્ય સાથે ચેડા થાય તેવી અખાદ્ય ચીજ વસ્તુઓ બનાવતા અથવા ભેળસેળ કરતા વેપારીઓને સરકાર સાંખી નહીં લે. આવા ભેળસેળિયા વેપારીઓ પર રાજ્ય સરકાર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે.

ખોરાક ઔષધ નિયમન તંત્રના કમિશનર એચ.જી. કોશિયાએ માહિતી આપતા જણાવ્યું હતું કે આગામી તહેવારોમાં જાહેર જનતાને શુદ્ધ અને સલામત ખાદ્ય ચીજો મળી રહે તેની પૂર્વ તૈયારીના ભાગરૂપે ફૂડ સેફટી પખવાડિયું ઉજવવામાં આવ્યું હતું. આ પખવાડિયા દરમિયાન તંત્રની જીલ્લા અને મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીઓ દ્વારા તા.૧૭ ઓકટોબર સુધીમાં વિવિધ કચેરીઓ દ્વારા ૨૬૦૩ એન્ફોર્સમેન્ટ નમુના અને ૫૬૪૩ સર્વેલન્સ નમુના એમ કુલ ૮૨૪૬ જેટલા નમુના લેવામાં આવ્યા હતા તથા ૩૯૮૭ થી વધુ ઈન્સ્પેકશન હાથ ધરવામાં આવ્યા હતા. અત્યાર સુધી તંત્ર દ્વારા રાજ્યમાં વિવિધ જગ્યાએ આકસ્મિક કુલ ૧૧૫ જેટલી રેડ કરી આશરે રૂ. ૬.૩ કરોડની કિમતનો ૨૨૬ ટન જેટલો શંકાસ્પદ ખાદ્યચીજનો જથ્થો તહેવારો દરમ્યાન ગ્રાહક સુધી ન પહોંચે તે માટે થઈને તંત્ર દ્વારા સીઝ કરવામાં આવ્યો હતો. આ ખાદ્ય પદાર્થો બિન- આરોગ્યપ્રદ હોઈ તેમનો પૃથકકરણ અહેવાલ આવ્યા બાદ નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

૨૨૬ ટન શંકાસ્પદ ખાદ્ય પદાર્થો ઝડપી પાડી, ઉગતા જ ડામી દેવાયા: ઋષિકેશ પટેલ

ઉમરા ગામમાં કાપડ વેપારીના ઘરેથી ઘરઘાટી ઘરેણાં અને રોકડ મળી ૪૦ લાખ ચોરી ગયો

સુરત, તા.૧૮

ઉમરા ગામ નજીક ફોર સિઝન એપાર્ટમેન્ટમાં રહેતા કાપડના વેપારીના પરિવારની ગેરહાજરીનો લાભ લઇ આઠથી દસ વર્ષ જૂનો ઘરઘાટી (નોકર) ઘરમાંથી સોના-ચાંદીના તેમજ હીરાના દાગીના અને રોકડ મળી 40 લાખથી વધુની મત્તાની ચોરી કરીને નાસી ગયો હતો.

ઉમરા ગામ નજીક પીપલોદ ખાતે આવેલા ફોર સિઝન એપાર્ટમેન્ટના ફલેટ નં. સી 901 માં રહેતા કાપડના વેપારી રામમોહન પ્રહલાદરાય અગ્રવાલ (ઉ.વ. 72) અને તેમના પુત્ર ધંધાના કામ માટે કાપડના માર્કેટમાં ગયા હતા. જયારે પરિવારની મહિલા સભ્યો પણ બહાર ગયા હતા. તે દરમિયાન બે ઘરઘાટી(નોકર) ઘરે હતા અને તે પૈકી એક માર્કેટમાં ટિફીન આપવા ગયો હતો.

જયારે છેલ્લા આઠથી દસ વર્ષથી ઘરઘાટી તરીકે નોકરી કરતો દેવચંદ્ર દેવેન્દ્રરાય ઘરે એકલો હતો. ઘરના સભ્યોની ગેર હાજરીનો લાભ ઉઠાવી ત્રણ બેડરૂમના કબાટની તિજોરી ફંફોસી તેમાંથી સોના-ચાંદીના તેમજ હીરાના દાગીના અને રોકડ મળી રૂ. 40 લાખથી વધુની મત્તાની ચોરી કરીને ભાગી ગયો હતો. જયારે બીજો ઘરઘાટી પરત આવ્યો ત્યારે ફલેટનો દરવાજો ખુલ્લો હતો, અને દેવચંદ્ર નજરે પડયો ન હતો અને પરિવારના સભ્યો પણ ઘરે આવી ગયા હતા. દેવચંદ્ર નજરે નહીં પડતા પરિવારના સભ્યોને શંકા ગઈ હતી અને તુરંત જ બેડરૂમના કબાટ ચેક કરતા તેમાંથી દાગીના અને રોકડની ચોરી થઇ હોવાનું જણાતા પોલીસને ફોન કરીને બોલાવી લેવાઈ હતી. પોલીસે કેમેરા ચેક કરતા નોકર દેવચંદ્ર હાથમાં બેગ લઈને ભાગતો દેખાય છે.

ઓમકારા એસેટસ રીકન્સ્ટ્રક્શન પ્રા.લિ.

OMKARA ASSETS RECONSTRUCTION Pvt. Ltd.

રજિ. ઓફિસઃ નં. ૯, એમપી નગર, ફર્સ્ટ સ્ટ્રીટ, કોન્ગુનગર એક્સટેન્શન, તિરૂપુર-૬૪૧૬૦૭

કોર્પોરેટ ઓફિસ : કોહિનૂર સ્કવેર, ૪૭મા માળે, એન.સી.કેળકર માર્ગ, આર.જી.ગડકરી ચોક, દાદર(પ), મુંબઈ -૪૦૦૦૨૮

ટે.નં.૦૨૨-૨૬૫૪૪૦૦૦।ઈ-મેલ:Mumbai@omkaraarc.com। WWW.omkaraarc.com/CIN:U67100TZ2014PTC020363

પરીશિસ્ટ ૪-એ રૂલ ૮(૬) અને ૯(૧) મુજબ

સ્થાવર અને જંગમ મિલકતના ઈ-ઓકશનમાટે વેચાણ નોટીસ

ઈ-ઓકશન તારીખ : ૧૩.૧૧.૨૦૨૪

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ''સીક્યુરિટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ની સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮(૬)અને વંચાણે લેતા ૯(૧)મુજબ ઈ -ઓકશનથી સ્થાવર મિલકતના વેચાણ માટેની નોટીસ

આથી જનતાને તથા ખાસ નીચે જણાવેલા દેવાદાર અને જામીનદાર(રો)ને જણાવવામાં આવે છે કે નીચેના વર્ણનવાળી સ્થાવર અને જંગમ મિલકતો સલામત ધિરાણ આપનારાઓ અગાઉની આંધ્ર બેંક,અગાઉની દેના બેંક,બેંક ઓફ બરોડા, બેંક ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા,યુનિયન બેંક ઓફ ઈન્ડિયા અને આઈડીબીઆઈ બેંકપાસે ગીરો મુકવામાં આવી હતી.તેનો **સાંકેતિક કબજો/વાસ્તવિક કબજો ઓમકારા એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ (ઓએઆરપીએલ)** કંપની જેની સ્થાપના કંપનીઝ એકટ,૧૯૫૬ હેઠળ થઈ હતી અને રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયામાં એસેટ રીકન્સ્ટ્રકશન કંપની તરીકે નોંધાયેલ છે જેની રજિસ્ટર્ડ ઓફિસ નં.૯,એમ.પી.નગર, પહેલા માળે, ફર્સ્ટ સ્ટ્રીટ,કોન્ગુ નગર એકસટેન્શન, તિરૂપુર-૬૪૧૬૦૭ અને કોર્પોરેટ ઓફિસ કોહિનૂર સ્કવેર, ૪૭મા માળે, એન.સી. કેળકર માર્ગ,આર.જી.ગડકરી ચોક, દાદર(પ), મુંબઈ -૪૦૦૦૨ ખાતે આવેલ છે.વધુમાં અગાઉની આંધ્ર બેંક,અગાઉની દેના બેંક,બેંક ઓફ બરોડા, બેંક ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા,યુનિયન બેંક ઓફ ઈન્ડિયા અને આઈડીબીઆઈ બેંકે તેમને અનુક્રમે તા.૩જી જાન્યુઆરી,૨૦૧૮,૧૪મી ડીસેમ્બર,૨૦૧૮ અને ૩૧મી માર્ચ,૨૦૨૦ ,૩૧મી ડીસેમ્બર,૨૦૨૦, ૩૧મી માર્ચ ૨૦૨૧ અને ૨૯મી એપ્રિલ ૨૦૨૩ના રોજ એસાઈન્ટમેન્ટ એગ્રીમેન્ટ દ્વારા દેવાદાર **સંઘવી એક્ષ્પોટર્સ ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લિમિટેડ** (એસઈઆઈપીએલ)ના દેવાની વસુલાત માટેના અધિકારો ઓમકારા પીએસ ૦૫/૨૦૧૭-૧૮ ટ્રસ્ટ, ઓમકારા પીએસ ૧૫/૨૦૧૮-૧૯ ટ્રસ્ટ, ઓમકારા પીએસ ૨૭/૨૦૧૯-૨૦ ટ્રસ્ટ,ઓમકારા પીએસ ૨૦/૨૦૨૦-૨૧ ટ્રસ્ટ અને ઓમકારા પીએસ ૦૨/૨૦૨૩-૨૪ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે સોંપ્યા હતા.

જેના અનુસંધાને ઓઆરપીએલ ગીરો મિલકતોની બાકી લેણી રકમ વસુલવા અને મિલકતોનો કબજો લીધો હતો.સુરક્ષિત મિલકતોનું વેચાણ સરફાયેસી એકટના ખંડ ૧૩(૨) અને (૪) ની જોગવાઈ હેઠળ **'જ્યાં છે ત્યાં છે' જેમ છે તેમ છે' અને કોઈ વિકલ્પ નથીના ધોરણે તા.૧૩.૧૧.૨૦૨૪ના રોજ સવારે ૧૧.૦૦કલાકે (બીડ રજુ કરવાની છેલ્લી તારીખ ૧૨.૧૧.૨૦૨૪ના રોજ સાંજે ૦૫.૦૦ કલાક છે)** જે નીચે જણાવ્યા મુજબની ઓએઆરપીએલ બાકી લેણી રકમની દેવાદાર અને જામીનદાર પાસેથી વસુલાત માટે છે.

સ્થાવર મિલકતોનું વર્ણન,અનામત કિંમત અને અર્નેસ્ટમની ડીપોઝીટ અને બોજો (જો હોય તો) ની જાણકારી નીચે મુજબ છે.

<table>
<tr><th>દેવાદાર અને જામીનદારોના નામ</th><th>બાકી રકમ રૂ.માં</th><th>ડીમાન્ડ નોટીસની તારીખ</th><th>સાંકેતિક/વાસ્તવિક કબજાની તારીખ</th></tr>
<tr><td>દેવાદાર :
સંઘવી એક્ષ્પોર્ટસ પ્રાઈવેટ લિમિટેડ (આઈબીસી,૨૦૧૬ હેઠળ ફડચામાં ચાલી રહેલી)
જામીનદારોઃ
૧) શ્રી કલ્પેશ વી. સંઘવી, ૨) શ્રી જયેશ વી.સંઘવી, ૩) શ્રી કિર્તીલાલ આર.સંઘવી, ૪) શ્રી ચંદ્રકાંત આર.સંઘવી, ૫) શ્રી રમેશચંદ્ર આર.સંઘવી, ૬) શ્રી કેતન કે.સંઘવી, ૭) શ્રીવિરેન કે.સંઘવી, ૮) શ્રી આગમ કે.સંઘવી, ૯) શ્રીમતી ભારતીબેન વી.સંઘવી, ૧૦) શ્રીમતી પ્રમિલાબેન કે.સંઘવી, ૧૧) શ્રીમતી કલ્પનાબેન આર.સંઘવી, ૧૨) શ્રીમતી દેવિકાબેન સી.સંઘવી, ૧૩) કુ.નિકિતાબેન વી.સંઘવી, ૧૪) શ્રી કિર્તીલાલ આર.સંઘવી (એચયુએફ), ૧૫) શ્રી રમેશચંદ્ર આર.સંઘવી (એચયુએફ), ૧૬. શ્રી ચંદ્રકાંત આર.સંઘવી (એચયુએફ), ૧૭) શ્રી વસંતલાલ સંઘવી (એચયુએફ), ૧૮) સંઘવી ફેમિલી ટ્રસ્ટ, ૧૯) રોયલ એસ્ટેટ હોલ્ડિંગ ઈન્ડિયા પ્રા.લિ., ૨૦) સંઘવી સ્ટાર રીટેલ પ્રા.લિ, ૨૧)સંઘવી જવેલરી મેન્યુફેકચરીંગ પ્રા.લિ., ૨૨) સંઘવી ડાયમન્ડ મેન્યુફેકચરીંગ પ્રા.લિ.</td>
<td><table>
<tr><td>ધિરાણકારો</td><td>તા.૧૫.૧૨.૨૦૨૦ના રોજ બાકી</td></tr>
<tr><td>ઓએઆરપીએલ</td><td></td></tr>
<tr><td>અગાઉની આંધ્ર બેંકની લેણી</td><td>79,14,86,985</td></tr>
<tr><td>અગાઉની દેના બેંકની લેણી</td><td>120,84,32,089</td></tr>
<tr><td>અગાઉની બેંક ઓફ બરોડાની લેણી</td><td>69,53,44,692</td></tr>
<tr><td>અગાઉની બેંક ઓફ ઈન્ડિયાની લેણી</td><td>404,06,99,250</td></tr>
<tr><td>અગાઉની ઈન્ડિયન બેંકની લેણી</td><td>96,78,71,602</td></tr>
<tr><td>અગાઉની આઈડીબીઆઈ બેંકની લેણી</td><td>66,48,03,907</td></tr>
<tr><td>ઓએઆરપીએલનું સબ ટોટલ :</td><td>8,36,86,38,525</td></tr>
<tr><td>સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા</td><td>121,85,47,697</td></tr>
<tr><td>યુનિયન બેંક ઓફ ઈન્ડિયા</td><td>93,65,62,549</td></tr>
<tr><td>સબ ટોટલ</td><td>281,99,14,153</td></tr>
<tr><td>ટોટલ</td><td>1052,37,48,771</td></tr>
</table>
તા.૧૫.૧૨.૨૦૨૦ના રોજ કુલ બાકી રકમઃ રૂ.૧૦૫૨, ૩૭, ૪૮, ૭૭૧/-(રૂપિયા એક હજાર બાવન કરોડ સાડત્રીસ લાખ અડતાલીસ હજાર સાતસો એકોતેર પુરા)</td>
<td>09-12-2019</td>
<td>સાંકેતિક કબજો
<table>
<tr><td>અ.નં. (નીચેના કોષ્ટક મુજબ)</td><td>કબજાની તારીખ</td></tr>
<tr><td>1.</td><td>15.12.2020</td></tr>
</table>
વાસ્તવિક કબજો
<table>
<tr><td>અ.નં. (નીચેના કોષ્ટક મુજબ)</td><td>કબજાની તારીખ</td></tr>
<tr><td>2 to 4</td><td>30.04.2023</td></tr>
<tr><td>5 to 14</td><td>26.08.2023</td></tr>
</table></td></tr>
</table>

લોટ નં.	સ્થાવર મિલકતનું વર્ણન	ગીરોદાર	ક્ષેત્રફળ	નિરીક્ષણની તા. અને સમય	અનામત કિંમત (રૂ. લાખમાં)	ઈએમડી (રૂ. લાખમાં)	બોલી વધારાની રકમ (રૂ. લાખમાં)
1	ઓફિસ નં.૪૦૨, ચોથા માળે, મહેતા મહાલ, કેડસ્ટલ સર્વે નં.૧૫૦૧ (નવો સ.નં.૩/૮૦૧૯, ૭/૮૦૧૯, ૫/૮૦૧૯ અને ૨/૮૦૦૭નો ભાગ)ગિરગામ ડિવિઝન ૧૫, મેથ્યુ રોડ,ઓપેરા હાઉસ, મુંબઈ ની સાથે (૨) બે કારનું પાર્કિંગ **જાણીતો બોજો :** બોમ્બે સીટી સિવિલ કોર્ટ ના સમન્સ કેસ નં. ૧૩૪૫/૨૦૧૭ ની તા.૦૨.૦૫.૨૦૧૯ની ડીક્રી મુજબ દેવાદારે દ્રષ્ટિ હોસ્પિટલ કો.પ્રા.લિ.ને ચુકવવાના રૂ.૧૪,૫૪,૦૦૯/-ની સાથે ૯ ટકાના દરે કેસ દાખલ થયાની તારીખ(૨૬.૦૯.૨૦૧૭) થી રૂ.૧૩,૦૩,૨૫૧/- ઉપરનું વ્યાજ ચુકવણી થાય ત્યાં સુધીનું.	રોયલ એસ્ટેટ હોલ્ડીંગ (ઈન્ડિયા) પ્રા.લિ.	3180 sq.ft. BUA (2650 sq.ft. carpet)	29-10-2024 11:00 AM to 12:00 PM	696	69.60	10.00
2	તમામ ખંડ અને અખંડિત ભાગની જમીન શીટ નં.અને સર્વે નં.૩૯/૫૮૭/એ, સિવિલ કોર્ટ નજીક, ન્યુ ડીસા ટાઉન તા.ડીસા, જિ.બનાસકાંઠા, ઉત્તર ગુજરાત ની સાથે ત્યાં આવેલું બાંધકામ	૧) શ્રી કિર્તીલાલ આર.સંઘવી, ૨) શ્રી રમેશચંદ્ર આર.સંઘવી અને ૩) શ્રી ચંદ્રકાંત આર.સંઘવી	Land - 14763.81 sq.ft. Bldg - 7020 sq.ft. approx.	29.10.2024 11:00 AM to 12:00 PM	299	2.99	5.00
3	પ્લોટ નં.૧૪, શીટ નં.૩૯, સી.સ.નં.૫૮૭(એ), (અઘાટ જમીન) ન્યાય મંદિર નજીક, (કોર્ટ) ન્યુ ડીસા ટાઉન તા.ડીસા, જિ.બનાસકાંઠા, ઉત્તર ગુજરાત ની સાથે ત્યાં આવેલું બાંધકામ	શ્રીમતી કલ્પનાબેન રમેશચંદ્ર સંઘવી	1800 sq.ft.		32	3.20	1.00
4	પ્લોટ નં.૧૩, શીટ નં.૩૯, સી.સ.નં.૫૮૭(એ), (અઘાટ જમીન) ન્યાય મંદિર નજીક, (કોર્ટ) ન્યુ ડીસા ટાઉન તા.ડીસા, જિ.બનાસકાંઠા, ઉત્તર ગુજરાત ની સાથે ત્યાં આવેલું બાંધકામ	શ્રીમતી પ્રમીલાબેન કિર્તીલાલ સંઘવી	930 sq.ft.		17	1.70	0.50
	નીચે જણાવેલી અ.નં.૫ અને ૬ ની મિલકત ' જેમ એવેન્યુ' બિલ્ડીંગ નોંધ નં.૧૩૬૪, સીટી સર્વે વોર્ડ નં.૬, સુરત ની સાથે અવિભાજિત જમીનનો સપ્રમાણ ભાગ અને ત્યાં આવેલ ફિકસચર્સ અને ફિટીંગ્સ						
5	ઓફિસ નં.૦૭ ત્રીજા માળે	૧) સ્વ.શ્રી વસંતલાલ આર. સંઘવી (હવે તેમના કાનૂની વારસદારો) અને૨) શ્રી વસંતલાલ આર. સંઘવી એચયુ એફ	500 sq.ft. BUA	28.10.2024 11:00 AM to 12:00 PM	29	2.90	1.00
6	ઓફિસ નં.૦૪, પહેલા માળે	૧) શ્રી રમેશચંદ્ર રાવચંદ સંઘવી અને ૨) શ્રી રમેશચંદ્ર રાવચંદ સંઘવી એચયુએફ	500 sq.ft. BUA		29	2.90	1.00
	નીચે જણાવેલી અ.નં. ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ ની મિલકત ' સંઘવી ટાવર્સમાં છે.જે રે.સ. નં.૫૪૦/૧,૨ અને ૩ પૈકી ,ફા.પ્લોટ નં.૯૦ પૈકી અને સબ પ્લોટ નં. એ, બી, સી, ટીપી સ્કીમ નં.૧૦ મોજે અડાજણ, અડાજણ રોડ સુરત ખાતે છે.						
7	ફલેટ નં. ૫૦૨ ટાવર-૫	શ્રી કિર્તીભાઈ રાવચંદ સંઘવી	1029 sq.ft. carpet	28.10.2024 3:00 PM to 5:00 PM	29	2.90	1.00
8	ફલેટ નં. ૪૦૧ ટાવર-૪	શ્રી કેતન કિર્તીલાલ સંઘવી	1029 sq.ft. carpet		29	2.90	1.00
9	ફલેટ નં. ૫૦૨ ટાવર-૫ જુલાઈ, ૨૦૨૩ થી માર્ચ,૨૦૨૪ સુધીના મેન્ટેનન્સ ચાર્જિસ પેટે રૂ.૧૪,૮૫૦/-બાકી છે.	શ્રીમતી દેવિકાબેન ચંદ્રકાંત સંઘવી	1136 sq.ft. carpet		31	3.10	1.00
10	ફલેટ નં.૫૧૧ ટાવર-૫ જુલાઈ, ૨૦૨૩ થી સપ્ટેમ્બર,૨૦૨૩ સુધીના ભાડા અને મેન્ટેનન્સ ચાર્જિસ પેટે રૂ.૧,૫૦૦/-બાકી છે. જુલાઈ,૨૦૨૩ થી માર્ચ,૨૦૨૪ સુધીના મેન્ટેનન્સ ચાર્જિસ પેટે રૂ.૧૩,૫૦૦/-બાકી છે.	શ્રીમતી નિકિતા વિરેન સંઘવી	1029 sq.ft. carpet		29	2.90	1.00
11	ફલેટ નં.૨૦૧ ટાવર ૨	શ્રી ચંદ્રકાંત રાવચંદભાઈ સંઘવી	811 sq.ft. carpet		23	2.30	1.00
12	ફલેટ નં.૧૦૨ ટાવર-૧	શ્રીમતી પ્રમિલાબેન કિર્તિભાઈ સંઘવી	816 sq.ft. carpet		23	2.30	1.00
13	ફલેટ નં.૩૦૧ ટાવર-૩	શ્રી રમેશ રાવચંદ સંઘવી	1136 sq.ft. carpet		31	3.10	1.00
14	ફલેટ નં.૩૦૨ ટાવર-૩	શ્રીમતી કલ્પનાબેન રમેશભાઈ સંઘવી	1029 sq.ft. carpet		31	3.10	1.00

વેચાણના વધુ નિયમો અને શરતો જાણવા માટે સલામત ધિરાણ કરનારની વેબસાઈટ http://omkaraarc.com/auction.php

નિયમો અને શરતો :

૧. ઓકશન ઓન લાઈન ઓએઆરપીએલના માન્ય સર્વિસ પ્રોવાઈડર મે.સી-વન ઈન્ડિયા પ્રા.લિ.,ગુરગાંવ દ્વારા કરવામાં આવશે.ઈ-ઓકશન બીડ ફોર્મ,ડેકલેરેશન,ઈ-ઓકશનના નિયમો અને શરતો સાથેનું ઈ-ઓકશન ટેન્ડર ડોકયુમેન્ટ વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે, https://www.bankeauctions.com (Support mail id support@bankeauctions.com સપોર્ટ મો.નં.+૯૧-૭૨૯૧૯૮૧૧૨૪/૨૫/૨૬)

૨. રસ ધરાવનાર બીડરોએ ઈએમડી રજુ કરવા જરૂરી મદદ માટે અને લોગઈન આઈડી અને પાસવર્ડ માટે,દસ્તાવેજો અપલોડ કરવા કે ઈ-બીડીંગ પ્રક્રિયાની ટ્રેનિંગ માટે ઈ-ઓકશન સર્વિસ પ્રોવાઈડર મે.સી-વન ઈન્ડિયા પ્રા.લિ.,હેલ્પલાઈન ટે.નં. +૯૧-૭૨૯૧૯૮૧૧૨૪/૨૫/૨૬ અને મેલ આઈડી support@bankeauctions.comઉપર અથવા **શ્રી ભાવિક પંડયાનો મો.નં.૮૮૬૬૬૮૨૯૩૭** ઉપર કે ઈમેલ આઈડીMaharashtra@c1india.com નો સંપર્ક કરવો.

૩.મિલકત સંબંધી કે નિરીક્ષણ અંગેની પુછપરછ માટે રસ ધરાવનાર અધિકૃત અધિકારી **નિલમ પટેલ (મો.નં.૯૮૧૯૯૬૩૩૪૪)(ઈમેલ : neelam.patel@omkaraarc.com)** અને **અક્ષય શાહ (મો.નં.૯૮૩૩૫૦૫૮૯૧) (ઈમેલ : akshay.shah@omkaraarc.com)** અથવા ઉપર જણાવેલા ઓફિસના સરનામે કામકાજના દિવસોએ કામકાજના સમય દરમિયાન સંપર્ક કરવો.

૪. સ્થાવર મિલકતનું વેચાણ લોટ મુજબ થશે. અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ જાણકારી મુજબ કોઈ મિલકત ઉપર આ કોષ્ટકમાં જણાવ્યા સિવાયનો જાણીતો બોજો નથી.

સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮(૬) અને ૬(૨) સાથે વંચાણે લેતા ૯(૧)મુજબની વૈધાનિક નોટીસ

આ નોટીસને દેવાદારો/સહદેવાદારોએ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮(૬) અને ૬(૨)મુજબની ૧૫(પંદર)દિવસઅગાઉનીઈ - ઓકશનથી સ્થાવર મિલકતના વેચાણ માટેની વૈધાનિક નોટીસ ગણવી.ઉપર જણાવેલ ઈ-ઓકશનની તારીખ પહેલા જો દેવાદારો નોટીસમાં જણાવેલી બાકી રકમ વત્તાત્યારબાદનું વ્યાજ અને ખર્ચ સહિત પુરેપુરૂ ચુકવણુ કરી દેશે અને સલામત ધિરાણકર્તાના અધિકૃત અધિકારીને સંતોષકારક લાગશે ઈ-ઓકશન અટકાવી દેવાશે.જો તેમ કરવામાં નિષ્ફળ જશે તો અધિકૃત અધિકારી/સલામત ધિરાણકાર દ્વારા એવું સિક્યુરીટી ઈન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ) રૂલ,૨૦૦૨ના રૂલ ૮(૫) હેઠળ અન્ય રીતે વેચાણ થશે.

સહી/

તા.૧૮-૧૦-૨૦૨૪

સ્થળઃ મુંબઈ

નિલમ પટેલ આસિસ્ટન્ટ વાઈસ પ્રેસિડેન્ટ,અધિકૃત અધિકારી ,
ઓમકારા એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રા.લિ.
(જે ઓમકારા પીએસ ૦૫/૨૦૧૭-૧૮ ટ્રસ્ટ,ઓમકારા પીએસ ૧૫/૨૦૧૮-૧૯, ઓમકારા પીએસ ૨૭/૨૦૧૯-૨૦ ,ઓમકારા પીએસ ૨૦/૨૦૨૦-૨૧ ટ્રસ્ટ અને ઓમકારા પીએસ ૦૨/૨૦૨૩-૨૪ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કામ કરે છે.)

આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં.૮૦૨,નટરાજ રૂસ્તમજી,વેસ્ટર્ન એકસપ્રેસ હાઈ વે અને એમ.વી.રોડ, અંધેરી (પૂર્વ) મુંબઈ - ૪૦૦૦૬૯

સુરત બ્રાંચ : ઓફિસ નં.૨૦૯ અને ૨૧૦, બીજા માળે, યુનિવર્સલ બિઝનેસ સેન્ટર,મધુવન સર્કલ નજીક,એલ.પી.સવાણી રોડ, અડાજણ,સુરત -૩૯૫૦૦૯ જીજે

સુરત પરવત પાટીયા (જુની બ્રાંચ કીમ) બ્રાંચ : દુકાન નં.૩૧૨ અને ૩૧૩,ટાઈમ્સ ગેલેરીયા,સારોલી ગામના ગેટ નજીક,કુબેરજી ટેક્ષટાઈલ માર્કેટની સામે,કડોદરા-સુરત રોડ,સુરત -૩૯૫૦૧૦ ગુજરાત

પરિશિષ્ટ ૪ સ્થાવર મિલકત માટેની કબજા નોટીસ

નીચે સહી કરનાર **આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (એએચએફએલ)**ના અધિકૃત અધિકારીએ સિકયુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરિટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ના ખંડ ૧૩ (૧૨) ની સાથે સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૩ને સાથે વંચાણે લેતા આપવામાં આવેલ સત્તાનો ઉપયોગ કરી નીચે જણાવેલા દેવાદાર(રો)/જામીનદાર(રો)ને ડીમાન્ડ નોટીસ મોકલી ડીમાન્ડ નોટીસની તારીખથી **દિવસ ૬૦**મા ડીમાન્ડ નોટીસમાં જણાવેલી રકમ ચુકવી દેવા જણાવવામાં આવ્યું હતું.દેવાદારો લેણી નીકળતી રકમ ચુકવવામાં નિષ્ફળ જતા દેવાદાર(રો)/જામીનદાર(રો)ને ખાસ અને જનતાને આ નોટીસ દ્વારા જણાવવામાં આવે છે કે એકટના પેટાખંડ (૪) ખંડ ૧૩ની સાથે સિકયુરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮ને વંચાણે લેતા આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા નીચે સહી કરનારે નીચેના વર્ણનવાળી મિલકતનો કબજો લીધો છે.આથી દેવાદારોનું એકટની જોગવાઈ પેટા ખંડ ૮ ખંડ ૧૩ તરફ ધ્યાન દોરવામાં આવે છે કે હજુ પણ તેમની પાસે ગીરો મિલકત છોડાવવાનો સમય છે.દેવાદારોને ખાસ અને જનતાને આ નોટીસ દ્વારા ચેતવણી આપવામાં આવે છે કે નીચે જણાવેલ મિલકત પર એએચએફએલનું નીચે જણાવેલ રકમનું લેણું નીકળે છે આથી કોઈએ એ મિલકતના વેચાણ અથવા ભાડાપટ્ટે કે અન્ય કોઈ રીતે હસ્તાંતરણ કરવું નહીં.

અ. નં.	દેવાદાર(રો)/સહદેવાદાર(રો) અને બ્રાંચનું નામ	ગીરો મિલકતનું વર્ણન(સ્થાવર મિલકત)	ડીમાન્ડ નોટીસની તારીખ અને રકમ	કબજાની તારીખ
1	(લોન કોડ નં.૦૪૨૦૦૦૦૧૪૯૩/ સુરત બ્રાંચ) દક્ષાબેન વસાવા (દેવાદાર) રાજેન્દ્રસિંહ વસાવા (સહદેવાદાર),	તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી મિલકતબ્લોક નં.૧૨૧, ફલેટ નં.૪૦૬, ચોથા માળે, સાંઈ શ્રધ્ધા,વલ્લભ નગર સોસાયટી, બ્લુ ડેલ સ્કુલ નજીક, આશિર્વાદ કોમ્પલેક્ષની બાજુમાં, સુરત, ગુજરાત -૩૯૪૧૪૦ **ચતુઃસીમાઃ** પૂર્વેઃ પેસેજ અને ફલેટ નં.૪૦૫, પશ્ચિમેઃ રોડ, ઉત્તરેઃ રોડ, દક્ષિણેઃ ફલેટ નં.૪૦૭	10-07-2024 ₹ 5,64,221/-	17-10-2024
2	(લોન કોડ નં.૧૫૦૦૦૦૦૦૧૪૩/ સુરત પરવત પાટીયા (જુની બ્રાંચ કિમ) બ્રાંચ) મનજીત રૂપચંદ ભારતી (દેવાદાર), દિપમાલા દિપમાલા (સહદેવાદાર)	તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી મિલકત રે.સ.નં.૧૦૨ ૧ ૧૦૨ રબ્લોક નં.ફલેટ નં. સી-૪૦૫, ચોથા માળે, રાધે રેસીડેન્સી સી-વિંગ, શિવમ રેસીડેન્સી, મોદી હોસ્પિટલ નજીક, કડોદરા બારડોલી રોડના છેડે સુરત, ગુજરાત-૩૯૪૩૨૭ **ચતુઃસીમાઃ** પૂર્વેઃ રોડ, પશ્ચિમેઃ પેસેજ/ લાગુ બિલ્ડીંગ-બી, ઉત્તરેઃ લાગુ બિલ્ડીંગ-ડી, દક્ષિણેઃ રોડ	10-07-2024 ₹ 6,45,642/-	17-10-2024

સ્થળ : ગુજરાત
તારીખ : ૧૮-૧૦-૨૦૨૪

અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

ઓમકારા એસેટસ રીકન્સ્ટ્રક્શન પ્રા.લિ.

OMKARA ASSETS RECONSTRUCTION Pvt. Ltd.

રજિ.ઓફિસઃ નં. ૯, એમપી નગર, ફર્સ્ટ સ્ટ્રીટ, કોન્ગુનગર એકસટેન્શન, તિરૂપુર-૬૪૧૬૦૭

કોર્પોરેટ ઓફિસ : કોહિનૂર સ્કવેર, ૪૭મા માળે, એન.સી.કેળકર માર્ગ, આર.જી.ગડકરી ચોક, દાદર(પ), મુંબઈ -૪૦૦૦૨૮

ટે.નં.૦૨૨-૨૬૫૪૪૦૦૦ / ઈ-મેલ : Mumbai@omkaraarc.com/ WWW.omkaraarc.com/ CIN:U67100TZ2014PTC020363

પરીશિસ્ટ ૪-એ રૂલ ૮(૬) અને ૬(૨) મુજબ

સ્થાવર અને જંગમ મિલકત ના ઈ-ઓકશનમાટે વેચાણ નોટીસ

ઈ-ઓકશન તારીખ : ૧૩.૧૧.૨૦૨૪

સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ''સકિયુરિટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ની સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮(૬)અને ૬(૨)મુજબ ઈ -ઓકશનથી સ્થાવર અને જંગમ મિલકતના વેચાણ માટેની નોટીસ

આથી જનતાને તથા ખાસ નીચે જણાવેલા દેવાદાર અને જામીનદાર(રો)ને જણાવવામાં આવે છે કે નીચેના વર્ણનવાળી સ્થાવર અને જંગમ મિલકતો સલામત ધિરાણ આપનારાઓ અગાઉની આંધ્ર બેંક,અગાઉની દેના બેંક,બેંક ઓફ બરોડા, બેંક ઓફ ઈન્ડિયા,ઈન્ડિયન બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા,યુનિયન બેંક ઓફ ઈન્ડિયા અને આઈડીબીઆઈ બેંકપાસે ગીરો મુકવામાં આવી હતી.તેનો વાસ્તવિક કબજો **ઓમકારા એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ (ઓએઆરપીએલ)** કંપની જેની સ્થાપના કંપનીઝ એકટ,૧૯૫૬ હેઠળ થઈ હતી અને રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયામાં એસેટ રીકન્સ્ટ્રકશન કંપની તરીકે નોંધાયેલ છે જેની રજિસ્ટર્ડ ઓફિસ નં.૯,એમ.પી.નગર,પહેલા માળે,ફર્સ્ટ સ્ટ્રીટ,કોન્ગુ નગર એકસટેન્શન,તિરૂપુર-૬૪૧૬૦૭ અને કોર્પોરેટ ઓફિસ કોહિનૂર સ્કવેર,૪૭મા માળે,એન.સી.કેળકર માર્ગ,આર.જી.ગડકરી ચોક, દાદર(પ), મુંબઈ -૪૦૦૦૨ ખાતે આવેલ છે. વધુમાં અગાઉની આંધ્ર બેંક, અગાઉની દેના બેંક,બેંક ઓફ બરોડા, બેંક ઓફ ઈન્ડિયા,ઈન્ડિયન બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા,યુનિયન બેંક ઓફ ઈન્ડિયા અને આઈડીબીઆઈ બેંકે તેમને અનુક્રમે તા.૩જી જાન્યુઆરી,૨૦૧૮,૧૪મી ડીસેમ્બર,૨૦૧૮ અને ૩૧મી માર્ચ,૨૦૨૦, ૩૧મી ડીસેમ્બર,૨૦૨૦, ૩૧મી માર્ચ ૨૦૨૧ અને ૨૯મી એપ્રિલ ૨૦૨૩ના રોજ એસાઈન્ટમેન્ટ એગ્રીમેન્ટ દ્વારા દેવાદાર **સંઘવી એક્ષ્પોટર્સ ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લિમિટેડ(એસઈઆઈપીએલ)**ના દેવાની વસુલાત માટેના અધિકારો ઓમકારા પીએસ ૦૫/૨૦૧૭-૧૮ ટ્રસ્ટ,ઓમકારા પીએસ ૧૫/૨૦૧૮-૧૯ ટ્રસ્ટ,ઓમકારા પીએસ ૨૭/૨૦૧૯-૨૦ ટ્રસ્ટ,ઓમકારા પીએસ ૨૦/૨૦૨૦-૨૧ ટ્રસ્ટ અને ઓમકારા પીએસ ૨૦/૨૦૨૩-૨૪ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે સોંપ્યા હતા.

જેના અનુસંધાને ઓઆરપીએલ ગીરો મિલકતોની બાકી લેણી રકમ વસુલવા અને મિલકતોનો કબજો લીધો હતો.સુરક્ષિત મિલકતોનું વેચાણ સરફાયેસી એકટના ખંડ ૧૩(૨) અને (૪) ની જોગવાઈ હેઠળ **' જ્યાં છે ત્યાં છે' જેમ છે તેમ છે' અને કોઈ વિકલ્પ નથીના** ધોરણે **તા.૧૩.૧૧.૨૦૨૪ના રોજ સવારે ૧૧.૦૦કલાકે (બીડ રજુ કરવાની છેલ્લી તારીખ ૧૨.૧૧.૨૦૨૪ના રોજ સાંજે ૦૫.૦૦ કલાક છે)** જે નીચે જણાવ્યા મુજબની ઓએઆરપીએલ બાકી લેણી રકમની દેવાદાર અને જામીનદાર પાસેથી વસુલાત માટે છે.

સ્થાવર મિલકતોનું વર્ણન,અનામત કિંમત અને અર્નેસ્ટમની ડીપોઝીટ અને બોજો(જો હોય તો) ની જાણકારી નીચે મુજબ છે.

<table>
<tr><th>દેવાદાર અને જામીનદારોના નામ</th><th>બાકી રકમ રૂ.માં</th><th>ડિમાન્ડ નોટીસની તારીખ</th><th>વાસ્તવિક કબજાની તારીખ</th></tr>
<tr><td>દેવાદાર : સંઘવીએક્ષ્પોર્ટસ પ્રાઈવેટ લિમિટેડ(આઈબીસી,૨૦૧૬ હેઠળ ફડચામાં ચાલી રહેલી) જામીનદારોઃ ૧) શ્રી કલ્પેશ વી.સંઘવી,૨) શ્રી જયેશ વી.સંઘવી,૩) શ્રી કિર્તીલાલ આર.સંઘવી,૪) શ્રી ચંદ્રકાંત આર.સંઘવી,૫) શ્રી રમેશચંદ્ર આર.સંઘવી,૬) શ્રી કેતન કે.સંઘવી,૭) શ્રી વિરેન કે.સંઘવી,૮) શ્રી આગમ કે.સંઘવી,૯) શ્રીમતી ભારતીબેન વી.સંઘવી,૧૦) શ્રીમતી પ્રમિલાબેન કે.સંઘવી,૧૧)શ્રીમતી કલ્પનાબેન આર.સંઘવી,૧૨) શ્રીમતી દેવિકાબેન સી.સંઘવી,૧૩) કુ.નિકિતાબેન વી.સંઘવી,૧૪) શ્રી કિર્તીલાલ આર.સંઘવી (એચયુએફ),૧૫) શ્રી રમેશચંદ્ર આર.સંઘવી(એચયુએફ),૧૬. શ્રી ચંદ્રકાંત આર.સંઘવી(એચયુએફ),૧૭) શ્રી વસંતલાલ સંઘવી (એચયુએફ),૧૮)સંઘવી ફેમિલી ટ્રસ્ટ,૧૯) રોયલ એસ્ટેટ હોલ્ડીંગ ઈન્ડિયા પ્રા.લિ.,૨૦) સંઘવી સ્ટાર રીટેલ પ્રા.લિ,૨૧) સંઘવી જવેલરી મેન્યુફેકચરીંગ પ્રા.લિ.,૨૨) સંઘવી ડાયમન્ડ મેન્યુફેકચરીંગ પ્રા.લિ.</td>
<td><table>
<tr><td>ધિરાણકારો</td><td>તા.૧૫.૧૨.૨૦૨૦ ના રોજ બાકી</td></tr>
<tr><td>ઓએઆરપીએલ</td><td></td></tr>
<tr><td>અગાઉની આંધ્ર બેંકની લેણી</td><td>79,14,86,985</td></tr>
<tr><td>અગાઉની દેના બેંકની લેણી</td><td>120,84,32,089</td></tr>
<tr><td>અગાઉની બેંક ઓફ બરોડાની લેણી</td><td>69,53,44,692</td></tr>
<tr><td>અગાઉની બેંક ઓફ ઈન્ડિયાની લેણી</td><td>404,06,99,250</td></tr>
<tr><td>અગાઉની ઈન્ડિયન બેંકની લેણી</td><td>96,78,71,602</td></tr>
<tr><td>અગાઉની આઈડીબીઆઈ બેંકની લેણી</td><td>66,48,03,907</td></tr>
<tr><td>ઓએઆરપીએલનું સબ ટોટલ</td><td>836,86,38,525</td></tr>
<tr><td>સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા</td><td>121,85,47,697</td></tr>
<tr><td>યુનિયન બેંક ઓફ ઈન્ડિયા</td><td>93,65,62,549</td></tr>
<tr><td>સબ ટોટલ</td><td>215,51,10,246</td></tr>
<tr><td>ટોટલ</td><td>1052,37,48,771</td></tr>
</table>
તા.૧૫.૧૨.૨૦૨૦ના રોજ કુલ બાકી રકમઃ રૂ.૧૦૫૨, ૩૭, ૪૮, ૭૭૧/- (રૂપિયા એક હજાર બાવન કરોડ સાડત્રીસ લાખ અડતાલીસ હજાર સાતસો એકોતેર પુરા)</td>
<td>09-12-2019
&
24-03-2021</td>
<td>04.04.2022
&
27.08.2023</td></tr>
</table>

લોટ નં.	સ્થાવર મિલકતનું વર્ણન	ગીરોદાર	ક્ષેત્રફળ	નિરીક્ષણની તા. અને સમય	અનામત કિંમત (રૂ. લાખમાં)	ઈએમડી (રૂ. લાખમાં)	બોલી વધારાની રકમ (રૂ.લાખમાં)
1	ઈન્ડસ્ટ્રીયલ પ્લોટસ અને ફેકટરીનું બાંધકામ પ્લોટ નં.૫/એ-૧ અને ૫/એ-૨,રે.સ.નં.૧૪,ફા. પ્લોટ નં.૧૯,ગામ ટૂંકી,સુરત	SEIPL	–	28-10-2024 2:00 PM to 03:00 PM	28	2.80	1.00
2	ઓફિસની જગ્યા નં.૨ અને ૧૦૨ (મેળવી દીધેલી), આશિષ ચેમ્બર્સ, નોંધ નં.૧૯૭૬, મહિધરપુર), સુરત	SEIPL	790 sq.ft. BUA	28-10-2024 12:00 PM to 1:00 PM	29	2.90	1.00
	નીચે જણાવેલી ડાયમન્ડ ટ્રેડર એપાર્ટમેન્ટ નોંધ નં.૧૯૭૮ થી ૧૯૮૧ અને ૨૮૮૭ થી ૨૮૯૦,સીટી સર્વે નં.૬,ડાળીયા મોહોલ્લા,મહિધરપુરા સુરત માં આવેલી ઓફિસની જગ્યા ઉપરનો જાણીતો બોજો મેન્ટેનન્સના બાકી ઓફિસ નં.૧૦૧,૧૦૨ રૂ.૯૧,૬૮૦ તા.૦૧-૦૪-૨૦૧૯ થી ૩૧-૦૩-૨૦૨૩ સુધીના અને ઓફિસ નં.૧૦૮,૧૦૯ અને ૧૧૦ ના રૂ.૧,૨૨,૮૦૦ તા ૦૧-૦૪-૨૦૧૯ થી ૩૧-૦૩-૨૦૨૩ સુધી અને ફાયર સેફટીના બાકી ઓફિસ નં.૧૦૧,૧૦૨,૧૦૮,૧૦૯,૧૧૦,૫૦૧ ના રૂ.૩૦,૦૦૦/ તા.૦૧-૦૪-૨૦૧૯ થી ૩૧-૦૩-૨૦૨૦ સુધીના અને જનરેટર ખર્ચના બાકી ઓફિસ નં.૧૦૧,૧૦૨,૧૦૮,૧૦૯,૧૧૦,૫૦૧ ના રૂ.૨૦,૦૦૦/-તા.૦૧-૦૪-૨૦૧૯ થી ૩૧-૦૩-૨૦૨૨ સુધીના						
3	ઓફિસ નં.૧૦૧ અને ૧૦૨ (મેળવી દીધેલી)	SEIPL	1146 sq.ft.	28-10-2024 01:00 PM to 02:00 PM	52	5.20	2.00
4	ઓફિસ નં.૧૦૮ થી ૧૧૦ (મેળવી દીધેલી)		1535 sq.ft.		70	7.00	3.00
5	ઓફિસ નં.૫૦૧		733 sq.ft.		33	3.30	1.00
6	ફેકટરીની જમીન અને ત્યાં આવેલી બિલ્ડીંગ - ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ નં.૪/એ-૧, ૪/એ-૨,૪/એ-૩, ૪/એ-૪ અને ૪/એ-૫, ટૂંકી ગામ, સુરત	SEIPL	–	28-10-2024 2:00 PM to 3:00 PM	31	3.10	1.00

વેચાણના વધુ નિયમો અને શરતો જાણવા માટે સલામત ધિરાણ કરનારની વેબસાઈટ http://omkaraarc.com/auction.php

નિયમો અને શરતો :

૧. ઓકશન ઓન લાઈન ઓએઆરપીએલના માન્ય સર્વિસ પ્રોવાઈડર મે.સી-વન ઈન્ડિયા પ્રા.લિ.,ગુરગાંવ દ્વારા કરવામાં આવશે.ઈ-ઓકશન બીડ ફોર્મ,ડેકલેરેશન,ઈ-ઓકશનના નિયમો અને શરતો સાથેનું ઈ-ઓકશન ટેન્ડર ડોકયુમેન્ટ વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે, https://www.bankeauctions.com(Support mail id support@bankeauctions.com સપોર્ટ મો.નં.+૯૧-૭૨૯૧૯૮૧૧૨૪/૨૫/૨૬)

૨. રસ ધરાવનાર બીડરોએ ઈએમડી રજુ કરવા જરૂરી મદદ માટે અને લોગઈન આઈડી અને પાસવર્ડ માટે,દસ્તાવેજો અપલોડ કરવા કે ઈ-બીડીંગ પ્રક્રિયાની ટ્રેનિંગ માટે ઈ-ઓકશન સર્વિસ પ્રોવાઈડર **મે.સી-વન ઈન્ડિયા પ્રા.લિ.,હેલ્પલાઈન ટે.નં. +૯૧-૭૨૯૧૯૮૧૧૨૪/૨૫/૨૬ અને મેલ આઈડી support@bankeauctions.com ઉપર અથવા શ્રી ભાવિક પંડયાનો મો.નં.૮૮૬૬૬૮૨૯૩૭ ઉપર કે ઈમેલ આઈડી Maharashtra@c1india.com**નો સંપર્ક કરવો.

૩.મિલકત સંબંધી કે નિરીક્ષણ અંગેની પુછપરછ માટે રસ ધરાવનાર અધિકૃત અધિકારી નિલમ પટેલ(મો.નં.૯૮૧૯૯૬૩૩૪૪)(ઈમેલ : neelam.patel@omkaraarc.com અને અક્ષય શાહ (મો.નં.૯૮૩૩૫૦૫૮૯૧) (ઈમેલ : akshay.shah@omkaraarc.comઅથવા ઉપર જણાવેલા ઓફિસના સરનામે કામકાજના દિવસોએ કામકાજના સમય દરમિયાન સંપર્ક કરવો.

૪.સ્થાવર મિલકતનું વેચાણ લોટ મુજબ થશે.

૫. અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ જાણકારી મુજબ કોઈ મિલકત ઉપર આ કોષ્ટકમાં જણાવ્યા સિવાયનો જાણીતો બોજો નથી.

સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮(૬) અને ૬(૨) સાથે વંચાણે લેતા ૯(૧) મુજબની વૈધાનિક નોટીસ

આ નોટીસને દેવાદારો/સહદેવાદારોએ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮(૬) અને ૯(૧) મુજબની ૧૫(પંદર) દિવસ અગાઉની સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ''સકિયુરિટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ની સાથે સિકયુરિટી ઈન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮(૬) અને ૬(૨) મુજબ ઈ - ઓકશનથી સ્થાવર મિલકતના વેચાણ માટેની વૈધાનિક નોટીસ ગણવી.ઉપર જણાવેલ ઈ-ઓકશનની તારીખ પહેલા જો દેવાદારો નોટીસમાં જણાવેલી બાકી રકમ વત્તા ત્યારબાદનું વ્યાજ અને ખર્ચ સહિત પુરેપુરૂ ચુકવણુ કરી દેશે અને સલામત ધિરાણકર્તાના અધિકૃત અધિકારીને સંતોષકારક લાગશે ઈ-ઓકશન અટકાવી દેવાશે.જો તેમ કરવામાં નિષ્ફળ જશે તો અધિકૃત અધિકારી/સલામત ધિરાણકાર દ્વારા એવું સિકયુરિટી ઈન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ)રૂલ,૨૦૦૨ના રૂલ ૮(૫) હેઠળ અન્ય રીતે વેચાણ થશે.

સહી/-

તા.૧૮-૧૦-૨૦૨૪

સ્થળઃ મુંબઈ

નિલમ પટેલ આસિસ્ટન્ટ વાઈસ પ્રેસિડેન્ટ,અધિકૃત અધિકારી,
ઓમકારા એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રા.લિ.
(જે ઓમકારા પીએસ ૦૫/૨૦૧૭-૧૮ ટ્રસ્ટ,ઓમકારા પીએસ ૧૫/૨૦૧૮-૧૯, ઓમકારા પીએસ ૨૭/૨૦૧૯-૨૦ ,ઓમકારા પીએસ ૨૦/૨૦૨૦-૨૧ ટ્રસ્ટ અને ઓમકારા પીએસ ૦૨/૨૦૨૩-૨૪ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કામ કરે છે.)

ડેબ્ટસ રીકવરી ટ્રીબ્યુનલ અમદાવાદ(ડીઆરટીર)

ત્રીજા માળે,ભીખુભાઈ ચેમ્બર,૧૮ ગાંધીકુંજ
સોસાયટી,એલિસબ્રિજ,અમદાવાદ-૩૮૦૦૦૬

જાવક નં. : ૧૬૦૭/૨૦૨૪ **ઈએકસએચ.નં.૦૪**

એકટના ખંડ ૧૯ પેટાખંડ (૪) ની સાથે વંચાણે લેતા ડેબ્ટ રીકવરી ટ્રીબ્યુનલ(પ્રોસિજર) રૂલ્સ,૧૯૯૩ના રૂલ પાંચના પેટા રૂલ (૨એ) હેઠળ સમન્સ

કેસ નં.: ઓએ/૮૬૭/૨૦૨૪

પેગાસસ એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ

વિરૂધ્ધ

પ્રાયોશા ફૂટવેર અને અન્યો

પ્રતિ,

(૧) પ્રાયોશા ફૂટવેર
વ્યવસાયનું સરનામુંઃ ૨૪,૨૫,રદ્દમારૂતિ ચેમ્બર્સ,માતાવાડી, એલ.એચ.રોડ,વરાછા,સુરત-૩૯૫૦૦૬
અહીં પણ : ૧૭૫,અભય નગર સોસાયટી,શેરી નં.૫,ભગીરથ સોસાયટીની પાછળ,મારૂતિ ચોક, એલ.એચ. રોડ, સુરત-૩૯૫૦૦૬

(૨) શ્રી ઘનશ્યામભાઈ લાલજીભાઈ સોંદાગર, સરનામુઃ ૧૭૫,અભય નગર સોસાયટી,શેરી નં.૫,ભગીરથ સોસાયટીની પાછળ,મારૂતિ ચોક, એલ.એચ.રોડ, સુરત-૩૯૫૦૦૬ **અહીં પણ :** ૨૪,૨૫,રદ્દમારૂતિ ચેમ્બર્સ, માતાવાડી, એલ.એચ.રોડ, વરાછા,સુરત-૩૯૫૦૦૬

(૩) શ્રી લાલજીભાઈ શામજીભાઈ સોંદાગર , સરનામુઃ ૧૭૫,અભય નગર સોસાયટી,શેરી નં.૫,ભગીરથ સોસાયટીની પાછળ,મારૂતિ ચોક, એલ.એચ.રોડ, સુરત-૩૯૫૦૦૬ **અહીં પણ :** ૨૪,૨૫,રદ્દમારૂતિ ચેમ્બર્સ,માતાવાડી, એલ.એચ.રોડ,વરાછા,સુરત-૩૯૫૦૦૬

(૪) શ્રી મનસુખભાઈ લાલજીભાઈ સોંદાગર, સરનામુઃ ૧૭૫,અભય નગર સોસાયટી,શેરી નં.૫,ભગીરથ સોસાયટીની પાછળ, મારૂતિ ચોક, એલ.એચ.રોડ, સુરત-૩૯૫૦૦૬ **અહીં પણ :** ૨૪,૨૫,રદ્દમારૂતિ ચેમ્બર્સ,માતાવાડી, એલ.એચ.રોડ, વરાછા, સુરત-૩૯૫૦૦૬

સમન્સ

આથી, ઓએ/૮૬૭/૨૦૨૪ની નોંધણી માનનીય પ્રિસાઈડીંગ ઓફિસર/રજિસ્ટ્રાર સમક્ષ **તા.૧૧.૦૯.૨૦૨૪**ના રોજ થઈ છે.

આથી માનનીય ટ્રીબ્યુનલે કથિત અરજી સંબંધે એકટ(ઓએ)ના ખંડ ૧૯(૪) હેઠળ તમારી સામે બાકી લેણી રકમ **રૂ.૩,૧૨,૮૯,૬૫૩.૮૯ /-** માટે આ સમન્સ/નોટીસ જારી કરવામાં આવે છે. **(અરજી તથા દસ્તાવેજોની નકલ આ સાથે બિડાણ કરી છે).**

જે સંબંધે એકટના ખંડ ૧૯ ના પેટા ખંડ (૪) મુજબ તમો સામાવાળાને નીચે મુજબ જાણ કરવામાં આવે છે.

૧.આથી ઉપર જણાવેલ નામના અરજદારે ટ્રીબ્યુનલ સમક્ષ ઉપર જણાવેલ અરજી કરેલ છે જેને કેમ મંજુર નહીં કરવી એના કારણો આ નોટીસ/સમન્સની તારીખથી ત્રીસ દિવસમાં રજૂ કરવાના રહેશે.

૨. અ.નં. ૩ એ જે મૂળ અરજીમાં દર્શાવેલી મિલકતોસિવાયની કોઈ મિલકત હોય તો તે જાહેર કરવું

૩. મૂળ અરજીના અ.નં.૩એમાં દર્શાવેલી સુરક્ષિત મિલકતોનું તમે કોઈ પણ પ્રકારે હસ્તાંતરણ કે વેચાણ નહીં કરી શકો કેમકે એ મિલકતો ટાંચમાં લેવાની અરજી હજુ પડતર છે.

૪. ટ્રીબ્યુનલની પૂર્વ મંજુરી વિના તમે મૂળ અરજીના અ.નં.૩એમાં દર્શાવેલી સુરક્ષિત મિલકતોનું વેચાણ,લીઝ કે અન્ય પ્રકારે હસ્તાંતરણ કરી નહીં શકો.

૫. આ મિલકતનું વેચાણ જો બેંક કે નાણાંકીય સંસ્થાદ્વારા કરવામાં આવશે તો તેના તમામ ખર્ચ માટે તમે જવાબદાર ગણાશો જે બેંક કે નાણાંકિય સંસ્થા કરશે.

આથી તમને **તા.૧૧.૧૨.૨૦૨૪ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે** આ ટ્રીબ્યુનલ સમક્ષ વ્યકિતગત રીતે અથવા વકીલ મારફતે હાજર રહી લેખિતમાં જવાબ આપવાનો રહેશે કે શા માટે માંગવામાં આવેલી રાહત મંજુર ન કરવી જોઈએ.આથી નોંધ લેવી કે જો તમે હાજર નહીં રહો તો અરજીની સુનાવણી થશે અને ચુકાદો તમારી ગેરહાજરીમાં આપી દેવાશે.

મારા હસ્તે રૂબરૂ ૨૭/૦૯/૨૦૨૪ના રોજ ટ્રીબ્યુનલનું સીલ લગાડીને સોંપવામાં આવેલ છે.